| GJMR040012542025 | | | | |
|---|---|---|---|---|
| | દાખલ તારીખ | ૦૨/૦૪/૨૦૨૫ | | |
| | રજી. તારીખ | ૦૨/૦૪/૨૦૨૫ | | |
| | ફેસલ તારીખ | ૧૭/૦૪/૨૦૨૬ | | |
| | સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૧ | ૦૦ | ૧૬ |

**<u>વાંકાનેરના મહે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું. વાંકાનેર, જી. મોરબી.</u>**

**<u>ફો.કેસ.નં. ૧૦૭૨/૨૦૨૫</u>**
**આંક–**

**ફરીયાદી:–** શ્રી સરકાર

**વિ રૂ ધ્ધ**

**આરોપી:–**

(૧) **રહેમતબેન હબીબભાઇ જાફરાની,**
જાતે:સંધી, ઉ.વ:૬૩, ધંધો:ઘરકામ,
(૨) **મોહશીનભાઇ હબીબભાઇ જાફરાણી,**
જાતે:સંધી, ઉ.વ:૩૪, ધંધો:કન્સટ્રકશન,
(૩) **ફિરોઝભાઇ વલીભાઇ જાફરાણી,**
જાતે:સંધી, ઉ.વ:૪૯, ધંધો:મજુરી,
(૪) **અરબાઝભાઇ મોહશીનભાઇ કાફી,**
જાતે:સંધી, ઉ.વ:૧૯, ધંધો:મજુરી,
રહે. બધા ભાટીયા સોસાયટી, જલારામ જીન પાછળ,
તા.વાંકાનેર જી.મોરબી.

**ગુનો :–બી.એન.એસ. કલમ– ૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨),૫૪ તથા જી.પી.એકટ ની કલમ–૧૩૫ મુજબના ગુના સબબ.....**

==========================================

ફરિયાદપક્ષ તરફે વિ. એ.પી.પી. શ્રી એ.એન.પટેલ
આરોપીઓ તરફે તેમના વિ. વકીલ શ્રી જે.આઇ.દલપોત્રા

==========================================

**<u>–:: ઠ રા વ ::–</u>**

૧. ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા.૧૩/૦૩/૨૦૨૫ ના રોજ બપોરના અગિયારેક વાગે આ કામના ફરીયાદી પોતાનુ મકાનનુ કલરકામ ચાલતુ હોય અને મકાન પાણીથી સાફ કરતા હોય ત્યારે મકાનનુ પાણી શેરીમાં જતા આરોપી નં-૧ આવેલ અને ફરીયાદીને કહેલ કે પાણી અમારા મકાનની સામે શેરીમાં આવવુ ન જોઈએ તેમ કહી ગાળો દેવા લાગેલ બાદ થોડી વારમાં આરોપી નં-૧ તથા ૨ તથા ૩ પોતાના હાથમાં લાકડાનો ધોકો, પ્લાસ્ટીકનો ધોકો તથા સ્ટીલનો પાઈપ લઈને આવેલ અને આરોપી નં-૨ તથા ૩ ફરીયાદીને ધોકા તથા પાઈપ વડે માર મારેલ તથા આરોપી નં-૩ નાએ કાઠલો પકડી ને ફરીયાદીને શરીરે ઈજા પહોચાડેલ બાદ થોડી વારમાં ફરીયાદીના ભાઈ સાહેદ તહેશીલરજા આવતા આરોપી નં'-૪ નાએ ઝપા ઝપી કરી પકડી ફરીયાદીને શરીરે ઈજા પહોચાડેલ બાદ થોડીવારમાં ફરીયાદીના ભાઈ સાહેદ તહેશીલ રજા આવતા ઓરોપી નં-૪ નાએ ઝપાઝપી કરી આરોપીઓએ ફરીયાદીને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી ગુન્હામાં એકબીજાને મદદગારી કરી મે.જીલ્લા મેજી.સાહેબશ્રી મોરબીના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કરેલ હોય. જે અંગેની ફરીયાદીએ ફરીયાદ વાંકાનેર સીટી પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં ૦૨૩૭/૨૦૨૫ બી.એન.એસ કલમ-૧૧૫(૨),૩૫૨,૩૫૧(૨),૫૪ તથા જી.પી.એટક કલમ-૧૩૫ મુજબની ફરીયાદ દાખલ થયેલ અને તપાસના અંતે ચાર્જશીટ કરી ઈન્સાફી કાર્યવાહી માટે નામ. કોર્ટ સમક્ષ રજૂ કરેલ છે.

૨. આ કામમાં આરોપીને ધોરણસર સમન્સ બજી જતા તેઓ નામદાર કોર્ટ સમક્ષ હાજર થયેલ છે અને તેમને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ.સદર કામમાં શરતચુકથી તહોમતનામુ તથા પ્લી નોંધવાની રહી ગયેલ હોય અને ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ હોય જે ત્યારબાદ જાણ થતા આંક- ૧૭ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ અને તે બાબતે આરોપીઓની પ્લી આંક-૧૮ થી આંક-૨૧ સુધી લેવામાં આવેલ જેમાં તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરેલ છે.તેમજ અગાઉ નોંધવામાં આવેલ સાહેદોને બચાવ પક્ષે વધુ ઉલટ તપાસ કરવા માંગતા નથી તે બાબતે આંક:૨૨ થી પુરસીસ રજુ કરેલ છે.

3. આ કામે આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પૂરવાર કરવા માટે ફરિયાદપક્ષે નીચે મુજબના મૌખિક

તથા લેખિત દસ્તાવેજી પુરાવાઓ રજુ થયેલ છે.

**મૌખિક પુરાવો:-**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૨ | ફરીયાદી આસીફરજા સાકીરહુસેન શેખ ની જુબાની |
| ૨. | ૧૦ | પંચ મોહીદ મહેબુબભાઇ સીપાઇ ની જુબાની |
| ૩. | ૧૨ | પંચ હાજીભાઇ હશનભાઇ કડીવાર ની જુબાની |

**લેખિત પુરાવો:-**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૦૯ | ફરીયાદ |
| ૨. | ૧૩ | બનાવવાળી જગ્યાનું પંચનામુ |
| ૩. | ૧૧ | હથીયાર કબજે કર્યાનું પંચનામુ |

**૪.** સદર કેશની કાર્યવાહી દરમ્યાન આ કામના ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે સમાધાન થયેલ હોય આંક-૧૫ થી પુરસીસ રજુ કરેલ હોય આરોપીઓને બી.એન.એસ. કલમ- ૧૧૫(૨), ૩૫૧(૨)(૩), ૩૫૨, ૩૨૪(૪), ૫૪ મુજબના ગુના માંથી બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૯(૧) અન્વયે નિદોર્ષ ઠરાવી છોડી મુકવામાં આવેલ છે.તેમજ બાકીનો ગુનો બીન સમાધાન પાત્ર હોય કેશની કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓએ મૌખીક રીતે પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીઓનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોય વિશેષ નીવેદન નોંધવામાં આવેલ નથી.

**૫.** ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તર્ફે દલીલ સાંભળી.

**૬.** ફરીયાદપક્ષના પુરાવા તથા ફરીયાદ પક્ષ તથા આરોપીઓ તર્ફેની દલીલો આધારે કેસના

ન્યાયીક નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થીત થાય છે.

**<u>–:: મુ દા ઓ ::–</u>**

**મુદ્દા નં.૧** શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પૂરવાર કરે છે કે, તા.૧૩/૦૩/૨૦૨૫ ના રોજ બપોરના અગિયારેક વાગે આ કામના ફરીયાદી પોતાનુ મકાનનુ કલરકામ ચાલતુ હોય અને મકાન પાણીથી સાફ કરતા હોય ત્યારે મકાનનુ પાણી શેરીમાં જતા આરોપી નં–૧ આવેલ અને ફરીયાદીને કહેલ કે પાણી અમારા મકાનની સામે શેરીમાં આવવુ ન જોઈએ તેમ કહી ગાળો દેવા લાગેલ બાદ થોડી વારમાં આરોપી નં–૧ તથા ૨ તથા ૩ પોતાના હાથમાં લાકડાનો ધોકો, પ્લાસ્ટીકનો ધોકો તથા સ્ટીલનો પાઈપ લઈને આવેલ અને આરોપી નં–૨ તથા ૩ ફરીયાદીને ધોકા તથા પાઈપ વડે માર મારી હથીયાર ધારણ કરી મે.જીલ્લા મેજી.સાહેબશ્રી મોરબીના હથિયાર બંધી જાહેરનામાનો ભંગ કરી જી.પી.એટક કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલા છે ?

**મુદ્દા નં.૨** શું હુકમ ?

૭. **<u>ઉપરોકત મુદ્દાઓના અત્રેની કોર્ટના નિર્ણયો નીચે મુજબ છે.</u>**

**<u>–:: નિ ર્ણ યો ::–</u>**

**મુદ્દા નં.૧** નકારમાં

**મુદ્દા નં.૨** આખરી હુકમ મુજબ.

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નંબર : ૧ અને ૨ અંગે :–</u>**

૮. ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શકપણે સાબિત કરવો જોઈએ તેવો ક્રીમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાત છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદા

રબિન્દ્રકુમાર દેય વિ. સ્ટેટ ઓફ ઓરીસ્સામાં ઠરાવેલ છે કે,

Three cardinal principles of criminal jurisprudence are well settled namely:

(1) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive and benefit from weakness or falsity of the defence version while proving its case;

(2) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

(3) that the onus of the prosecution never shifts.

ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલા પુરાવાની બચાવપક્ષે થયેલ દલીલોને ધ્યાને રાખી પુરાવાનુ મુલ્યાંકન કરેલ છે.

૯. ફરીયાદ પક્ષે સાહેદ નં.૧ આસીફરજા સાકીરહુશેન શેખનો આંક:૦૮ નો મૌખીક પુરાવો જોતા તા.૧૩/૩/૨૫ ના રોજ ત્રણ માળીયાના મકાનમાં માણસો કલર કામ કરતા હોય પિતાનો ફોન આવતા ત્યા ગયેલ અને જયા પાણી છાટતા હોય અને શેરીમાં બહાર નીકળતુ હોય બનાવ બનેલાનુ અને આરોપી ધોકો લઈને આવેલાનુ અને ગાળો બોલી મને મારવા લાગેલાનુ જણાવેલ છે.તેમજ છ સાત માણસોએ મને માર મારેલનુ જણાવેલ છે.જે આરોપી મોહસીન સ્ટીલની પાઈપ લઈનેઆવેલા નુ જણાવેલ છે. આ કામના ફરીયાદી તથા આરોપીઓ વચ્ચે સમાધાન થતા ફરીયાદીની જુબાની બાદ આંક:૧૫ થી સમાધાન પુરસીસ રજુ કરેલ છે.તેમજ આંક:૨૭થી પુરાવાબંધની પુરસીસ રજુ કરેલ છે.જેથી આરોપીઓને સમાધાન પુરસીસ આધારે બી.એન.એસ. કલમ- ૧૧૫(૨), ૩૫૨, ૩૫૧(૨),૫૪ ના ગુના સબબ નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.જેથી તે પુરાવા બાબતે વધુ કોઈ ચર્ચા કરવી જરૂરી નથી. જેથી ગુજરાત પોલીસ એકટની કલમ-૧૩૫ પુરતો પુરાવો ધ્યાને લેવાનો થાય છે.ફરીયાદ પક્ષના પુરાવામાં હથીયાર બંધીનુ જાહેર નામુ રજુ કરેલ નથી.તેમજ બનાવ સમયે બનાવ વાળા સ્થળે જાહેરનામુ અમલમાં હતુ અને તેની કાયદેસર પ્રસિધ્ધ કરવામાં આવેલ હોય તેવો લેશ માત્ર પુરાવો રજુ થયેલ નથી.જેથી આરોપીઓને જી.પી.એકટની કલમ-૧૩૫ ના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય નહી.જેથી ફરીયાદ પક્ષે

આરોપી સામેનો આક્ષેપ પુરવાર કરેલ ન હોય ફરીયાદ પક્ષની દલીલોનો અસ્વીકાર કરી બચાવ પક્ષની દલીલોનો સ્વીકાર કરુ છુ અને મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૨ નો આખરી હુકમ નીચે મુજબ કરવામા આવે છે.

**–:: હુકમ ::–**

(૧) આરોપી (૧) રહેમતબેન હબીબભાઇ જાફરાની, જાતે:સંધી, ઉવ:૬૩, ધંધો:ઘરકામ, (૨)મોહશીનભાઇ હબીબભાઇ જાફરાણી, જાતે:સંધી, ઉવ:૩૪, ધંધો:કન્સટ્રકશન, (૩)ફિરોઝભાઇ વલીભાઇ જાફરાણી, જાતે:સંધી, ઉવ:૪૯, ધંધો:મજુરી,(૪) અરબાઝભાઇ મોહશીનભાઇ કાફી, જાતે:સંધી, ઉવ:૧૯, ધંધો:મજુરી,રહે. બધા ભાટીયા સોસાયટી, જલારામ જીન પાછળ,તા.વાંકાનેર જી.મોરબી. નાઓએ બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૧ (૧) અન્વયે જી.પી.એકટ કલમ –૧૩૫ સજાને પાત્ર ગુનામાંથી પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨)બી.એન.એસ.એસ.ની કલમ–૨૮૧ અન્વયે આરોપીએ રૂપીયા ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકાં આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩)મુદ્દામાલ અપીલ પીરીયડ વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તારીખ** : ૧૭, **માહે** : એપ્રિલ , **સને** : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તા. ૧૭/૦૪/૨૦૨૬
મુ.વાંકાનેર

**(વિરેન્દ્રસિંહ શનાભાઈ ઠાકોર)**
એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોડ નં. જી.જે.૦૧૨૨૪